# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સેશેલ્સના તેમના પ્રવાસથી બંને દેશની મિત્રતા ગાઢ બનશે.
2) યમુના જળ પરિયોજનાના નિર્માણ અને અમલીકરણ માટે હરિયાણા અને રાજસ્થાન સરકાર વચ્ચે કરાર.
3) કેન્દ્રીય ઉર્જામંત્રી મનોહર લાલે નવિનીકરણીય ઉર્જામાં દેશનું નેતૃત્વ કરવા બદલ ગુજરાતની પ્રશંસા કરી.
4) વડોદરાની વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં મધ્ય ગુજરાત માટે સાત હજાર 92 કરોડ રૂપિયાના રોકાણ કરાર થયા.
5) હોર્મુંઝ સામુદ્રધુનીના નિયંત્રણ અને દરિયાઈ વ્યવસ્થાપન અંગે નવી રચાયેલી સંયુક્ત હોર્મુંઝ સમિતિની પ્રથમ બેઠક મસ્કતમાં યોજાઈ.
6) ભારતની અંડર-19 ખેલાડીઓની ટીમે એશિયન યુથ ચેમ્પિયનશીપના ક્વાર્ટર ફાઈનલમાં હોંગકોંગને હરાવ્યું.

………………………………………………….

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM SEYCHELLS VISIT - TWEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સેશેલ્સનો તેમનો પ્રવાસ ઘણો સાર્થક રહ્યો અને તેનાથી ભારત-સેશેલ્સ મિત્રતા ગાઢ બનશે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું, ગત 50 વર્ષમાં બંને દેશ વચ્ચેના સંબંધ ઉંડા વિશ્વાસ અને પરસ્પર વિકાસ પર આધારિત રહ્યા છે. આગામી 50 વર્ષમાં આ સંબંધને નવીનતા, સ્થિરતા અને પરસ્પર સમૃદ્ધિથી વ્યાખ્યાયિત કરાશે.

શ્રી મોદીએ સેશેલ્સની સ્વતંત્રતાના 50 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાયેલા રાષ્ટ્રીય દિવસ સમારોહમાં ભાગ લેવા અંગે પણ આનંદ વ્યક્ત કર્યો. તેમણે સેશેલ્સના રાષ્ટ્રપ્રમુખ ડૉક્ટર પેટ્રિક હમાઈની, સરકાર અને સેશેલ્સના લોકોનો આભાર વ્યક્ત કર્યો.

# PM SEYCHELLS VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સેશેલ્સનો ત્રણ દિવસનો સફળ પ્રવાસ પૂર્ણ કરી ભારત પરત આવી રહ્યા છે. પ્રવાસના છેલ્લા દિવસે શ્રી મોદીએ વિક્ટોરિયામાં આવેલા નવશક્તિ વિનયગર મંદિરમાં દર્શન કર્યા અને પૂજા-અર્ચના કરી. તેમણે ત્યાં રહેતા ભારતીય પ્રવાસીઓ સાથે પણ મુલાકાત કરી. બાદમાં પ્રધાનમંત્રીએ પીસપાર્કમાં સ્થિત મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી.

**(VOICECAST: ANKIT KUMAR)**

# SHAH JAL MEETING

હરિયાણા અને રાજસ્થાન સરકારે નવી દિલ્હીમાં યમુના જળ પરિયોજનાના નિર્માણ અને અમલીકરણ માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, આ કરારથી બંને રાજ્યમાં અંદાજે ત્રણ દાયકાથી ચાલતી આવતી જળ સમસ્યાનું નિવારણ થયું છે. તેમણે કહ્યું, આ કરાર હેઠળ જુલાઈથી ઑક્ટોબર સુધી યમુના નહેરથી રાજસ્થાનને ત્રણ ભૂગર્ભ પાઈપલાઈન્સથી અંદાજે 58 કરોડ ઘનમીટર પાણીનો પૂરવઠો અપાશે.

દરમિયાન કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર.પાટિલે કહ્યું, આ કરાર હેઠળ ચોમાસામાં રાજસ્થાનના ભાગનું પાણી ભૂગર્ભ પાઈપલાઈનથી હથનીકુંડ બૈરાજમાંથી અપાશે.

**(BYTE: C. R. PAATIL, UNION JALSHAKTI MINISTER)**

# GUJARAT VIBRANT

ગુજરાતના વડોદરામાં GSFC યુનિવર્સિટી ખાતે મધ્ય ગુજરાત ક્ષેત્રની બે દિવસની વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો આજથી પ્રારંભ થયો. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય ઉર્જામંત્રી મનોહર લાલે ઔદ્યોગિક વિકાસને ગતિ આપવામાં ઉર્જા ક્ષેત્રની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું, વ્યવસ્થિત યોજનાના કારણે ભારતે આ ઉનાળામાં 271 ગીગાવૉટની વિક્રમી વીજમાગને સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

શ્રી લાલે વધુમાં કહ્યું, ડેટા કેન્દ્રો, ઇલેક્ટ્રિક વાહન અને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.ના વિસ્તરણથી પ્રેરિત 300 ગીગાવૉટ સુધીની ભાવિ માગને પહોંચી વળવાની તૈયારીઓ પહેલાથી જ કરવામાં આવી રહી છે. તેમણે 50 ગીગાવૉટથી વધુની સ્થાપિત ક્ષમતા સાથે નવિનીકરણીય ઉર્જામાં દેશનું નેતૃત્વ કરવા બદલ ગુજરાતની પ્રશંસા પણ કરી.

**(BYTE: MANOHAR LAL, UNION POWER MINISTER)**

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગકારોને નવી ઔદ્યોગિક નીતિનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો.

# VGRC INVESTMENT

વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં આજે મધ્ય ગુજરાત માટે સાત હજાર 92 કરોડ રૂપિયાના રોકાણ કરાર થયા. તેના થકી ગુજરાતમાં એક હજાર 210થી વધુ નવી રોજગારીની તકનું સર્જન થશે. મુખ્ય રોકાણોમાં GSFC દ્વારા પેટ્રો-રસાયણના વિસ્તરણ માટે ચાર હજાર 475 કરોડ અને પૉલિકૅબ ઇન્ડિયા દ્વારા ઇજનેરી પરિયોજના માટે બે હજાર કરોડ રૂપિયાના રોકાણનો સમાવેશ થાય છે. ઉપરાંત સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME ક્ષેત્ર ડિજિટલ વિસ્તાર અને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.ને વેગ આપવા I.I.T ગાંધીનગર અને I.B.M. ઇન્ડિયા જેવી સંસ્થાઓ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરવામાં આવી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# PREZ GALLANTRY AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનાં હસ્તે રાષ્ટ્રપતિ ભવનમાં વિરતા પુરસ્કાર એનાયત કરાયાં. એર માર્શલ તરુણ ચૌધરી, લેફ્ટનન્ટ જનરલ નીરજ વાર્ષનેય, લેફ્ટનન્ટ જનરલ વિકાસ રોહેલા, લેફ્ટનન્ટ જનરલ હરવિંદરસિંહ વન્દ્રા અને લેફ્ટનન્ટ જનરલ મોહિન્દર પાલ સિંહને અતિ-વિશિષ્ટ સેવા ચંદ્રકથી સન્માનિત કરાયા.

આ પ્રસંગે ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ, અન્ય કેન્દ્રીય મંત્રીઓ અને સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા. આ પુરસ્કાર સશસ્ત્ર દળો, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને અન્ય સુરક્ષા સંસ્થાઓના કર્મચારીઓ દ્વારા નોંધપાત્ર બહાદુરીના કાર્યોને માન્યતા આપવા માટે અપાય છે.

આ પુરસ્કાર જમ્મૂ-કશ્મીર, ઉત્તર-પૂર્વ અને દેશની સરહદ પર આતંકવાદ, ઉગ્રવાદ સામે ભારતની સતત લડાઈને દર્શાવે છે. સાથે જ ઉડ્ડયન, સમુદ્રી અભિયાનો અને માનવીય મિશનોમાં નોંધપાત્ર સાહસના કાર્યોને પણ માન્યતા આપે છે.

# USA – IRAN TALKS

અખાતી  ક્ષેત્રમાં તણાવ વચ્ચે, વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુંઝ સામુદ્રધુનીના નિયંત્રણ અને દરિયાઈ વ્યવસ્થાપન અંગે નવી રચાયેલી સંયુક્ત હોર્મુંઝ સમિતિની પ્રથમ બેઠક મસ્કતમાં યોજાઈ હતી. ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ઘરીબબાદી અને ઓમાનના વિદેશ રાજ્યમંત્રી અબ્દુલઅઝીઝ અલ હિનાઈ બેઠકમાં ઉપસ્થિત રહ્યા. શ્રી ઘરીબબાદીએ કહ્યું કે આ બેઠકમાં સામુદ્રધુનીમાં તાજેતરના ઘટનાક્રમ, દરિયાકાંઠાના અખાતી દેશોના સાર્વભૌમ અધિકારો અને તેના ભાવિ શાસન માટે સંભવિત માળખા પર ધ્યાન કેન્દ્રિત કરાયું.

ઈરાન અને અમેરિકા વચ્ચે તાજેતરની અથડામણ અને સામુદ્રધુનીમાં નેવિગેશન વ્યવસ્થા અંગે મતભેદના કારણે દરિયાઈ ટ્રાફિકને લગતી અનિશ્ચિતતા વચ્ચે આ બેઠક યોજાઈ રહી છે. જ્યારે બંને દેશે તણાવ ઘટાડવાના હેતુથી વાટાઘાટો ફરી શરૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે, પરંતુ જળમાર્ગની આસપાસની સુરક્ષા પરિસ્થિતિ હાલ નાજુક છે.

# MISRI IND PAK TALKS

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આજે એ સમાચારોનું ખંડન કર્યું, જેમાં દાવો કરાયો છે કે, શ્રીલંકામાં આયોજિત સુરક્ષા સંમેલન દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે બીજા તબક્કાનો સંવાદ થયો હતો. આ સાથે જોડાયેલા સમાચારો અંગે શ્રી મિસરીએ કહ્યું, આવી વાતો ન તો નવી છે અને ન તો ભારત સરકાર તેને માન્યતા આપે છે.

# ASIAN YOUTH CHAMPIONSHIP

ભારતની અંડર-19 ખેલાડીઓની ટીમે એશિયન યુથ ચેમ્પિયનશીપના ક્વાર્ટર ફાઈનલમાં હોંગકોંગને ત્રણ-એકથી હરાવ્યું. બેંગ્કોકમાં યોજાયેલી આ સ્પર્ધામાં જીતથી ટીમને ઓછામાં ઓછો એક કાંસ્ય ચંદ્રક અને આવતા વર્ષની વિશ્વ યુથ ટેબલટેનિસ ચેમ્પિયનશીપમાં સીધું સ્થાન નિશ્ચિત થઈ ગયું છે. ભારતીય ટીમ હવે સેમિ-ફાઈનલમાં ટોચના ક્રમાંકિત ચીન સામે ટકરાશે.

બીજી તરફ, ભારતીય અંડર-19 છોકરીઓની ટીમનો ક્વાર્ટર ફાઈનલમાં હોંગકોંગ સામે એક-ત્રણથી પરાજય થયો છે. આ સાથે જ ટીમ મેડલ રાઉન્ડમાં પાછળ રહી ગઈ. ટીમે હવે ટીમે હવે એશિયન ક્વાલિફિકેશન પ્રક્રિયા દ્વારા આવતા વર્ષની વિશ્વ યૂથ ચેમ્પિયનશિપ માટે ક્વાલિફાય થવું પડશે.